- નવું વાવેતર કરવું હોય તો ચોમાસામાં પિયત પાક માટે ૭.૫ × ૭.૫ મીટરના અંતરે અને બીન પિયત પાક માટે ૬ × ૬ મીટરના અંતરે દેશી બોરની રોપથી રોપણી કરી પછીના ઉનાળામાં ઈચ્છીત જાતની આંખ કલમ ચડાવો.
- સુધારેલી જાતો જેવી કે ઉમરાન, ગોલા, સેવ, અજમેરી, મહેરૂન વગેરેનું વાવેતર કરો. પ્રતિ વર્ષ એપ્રિલ-૧૫ થી મે-૧૫ ના ગાળા દરમ્યાન મધ્યમ છાંટણી કરવી.
- પુખ્તવયના ઝાડને પ્રતિ વર્ષ છાણીયુ ખાતર ૬૦ કિલો, એમોનિયમ સલ્ફેટ ૨.૫૦૦ કિલો, સુપર ફોસ્ફેટ ૨.૫૦૦ કિલો અને મ્યુરેટ ઓફ પોટાશ ૧ કિલો જુલાઈ માસમાં આપવા આમાંથી અડધો જથ્થો એમોનિયમ સલ્ફેટ એ સપ્ટેમ્બર માસમાં આપવો.

**સીતાફળ :**

- સીતાફળનું વાવેતર રોપાઓથી થાય છે. સિંધણ જાતના રોપા તથા જીજેસીએ-૧ જાત આંખ કલમથી તૈયાર થયેલ કલમો રોપવાનું પસંદ કરો.
- ૪ × ૪ અથવા ૩ × ૪ મીટર અથવા ૫ × ૫ મીટરના અંતરે ૪૫ સે.મી.ના લાંબા, પહોળા, ઉંડા ખાડા કરી ચોમાસાની શરૂઆતમાં અથવા ચોમાસા બાદ અથવા પાણીની વ્યવસ્થા હોય તો ફેબ્રુઆરીમાં રોપણી કરવી.
- ચોમાસાની શરૂઆત થયે પુખ્તવયના ઝાડ દીઠ ૧૦-૧૫ કિલો છાણિયું ખાતર અને ૧ કિલો એમોનિયમ સલ્ફેટ, ૬૫૦ ગ્રામ સુપર ફોસ્ફેટ અને ૧૦૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશના રૂપમાં આપો.
- ચીટકો જીવાતનો ઉપદ્રવ જણાય તો નુવાકોન અથવા ફોસ્ફામીડોન ૧૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. બગીચો ચોખ્ખો રાખવો, ઝાડના થડ ફરતે એક ફુટના પટ્ટામાં ગ્રીસ લગાડવું.
- ફાલ પુરો થયે ઝાડને આરામ આપવો. પ્રથમ વરસાદ થયે ખામણા ગોડીને પછી વરસાદ ન પડે તો પાણીની ખેંચ પડે ત્યારે પિયત આપો.

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૧૮ ● નકલ : ૧૦૦૦ ● કિંમત : વિના મુલ્યે



# બાગાયતી ફળ પાકોમાં લેવાની થતી કાળજી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., પીપળીયા, ધોરાજી. ફોન : ૦૨૮૨૪ ૨૯૨૫૮૪



:: લેખકો ::

શ્રી એ. આર. પરમાર, ડૉ. એ. જે. ભટ્ટ, ડૉ. એસ. વી. ઉંધાડ,
ડૉ. વી. એસ. પ્રજાપતિ, શ્રી પી. ડી. ચૌધરી, શ્રી કે. ડી. ચૌધરી

વર્ષ : ૨૦૨૪-૨૫

સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યના ફળપાકોમાં આંબો, ચીકુ, કેળ, પપૈયા, નાળિયેરી, કાગદીલીંબુ, જામફળ, સીતાફળ, દાડમ અને બોરનો સમાવેશ થાય છે. પ્રવર્તી જમીન અને પાણી સમસ્યાઓ, કાંઠાળા પ્રદેશમાં થયેલ કુવાના ખારા પાણી, જીવાત અને રોગના પ્રશ્નો વગેરેને અનુલક્ષીને ફળપાકોમાં ઉત્પાદન ટકાવી રાખવા અથવા તેમાં વધારો કરવા માટે અગત્યના મુદાઓ અને પગલાની પાકવાર માહિતી નીચે પ્રમાણે છે.

**આંબો :-**

- જુન-જુલાઈમાં ભલામણ મુજબના ખાતરો બગીચામાં રીંગ કરીને આપવા.
- સપ્ટેમ્બર મહીનામાં મધીયાની વસ્તી આંબાના ઝાડના થડની તીરાડોમાં હોય છે ત્યારે જ તેનું નિયંત્રણ કરવું.
- વરસાદ બાદ બગીચામાં દાંતી રાપ કરવા તેમજ ખામણામાં ગોડ કરી મુળ વિસ્તારમાંથી પાણી ઉડાડવું.
- રોગીષ્ટ, સુકી તેમજ જમીનને અડતી હોય તેવી ડાળીઓ દુર કરવી.
- કોઇ પણ એક ફંઝીસાઈડનો છંટકાવ કરવો.
- ફેબ્રુઆરીમાં કેરી, જુવારના દાણા જેવડી થાય ત્યારે ઝાડ દીઠ અઢી કિલો એમોનિયમ સલ્ફેટ અથવા તેનાથી અડધા પ્રમાણમાં યુરીયા આપી તરત જ પિયત આપવું. કેરી પાક્તાં અગાઉ પંદર દિવસ સુધી નિયમિત પિયત ચાલુ રાખવું.
- ફેબ્રુઆરીમાં ખામણામાં એમોનિયમ સલ્ફેટ અથવા યુરીયા આપવાને બદલે ઝાડ ઉપર એક થી બે ટકા યુરીયા દ્રાવણનો છંટકાવ થઈ શકે. સાથે એન.એ.એ.વૃધ્ધિવર્ધક ૨૦ પી.પી.એમ્ નો છંટકાવ પણ થઈ શકે.(૧૦૦ લીટર પાણીમાં ૨ ગ્રામ એન.એ.એ.)
- આંબામાં અનિયમિત ફળણ અટકાવવા માટે અનિયમિત જાતોમાં જે વર્ષે વધુ ફુલ આવ્યા હોય, તે વર્ષમાં એપ્રિલ તથા મે માસમાં ૧૦ પી.પી.એમ્ ઝીબ્રેલીક એસીડ+૨ ટકા યુરીયાના દ્રાવણનો છંટકાવ કરવો. આ ઉપરાંત જુલાઇ માસમાં ૧૦ થી ૩૦ વર્ષની ઉંમરના હાફુસના ઝાડને પેકલોબ્યુટ્રાઝોલ ૫ ગ્રામ, ૧૪ થી ૧૫ લીટર પાણીમાં ભેળવી જમીનમાં ઝાડ ફરતે નાખવાથી વધુ અને નિયમિત ઉત્પાદન મળેલ છે.
- કૃષિ યુનિવર્સિટી તરફથી સૌરાષ્ટ્ર વિસ્તાર માટે મધીયો, ફળમાખી, ભુકી છારો તથા કાળવ્રણના નિયંત્રણ માટે ભલામણ કરેલ પાક સંરક્ષણના પગલા લેવા.



- બગીચો બનાવતી વખતે ૧૦-૧૫ % અન્ય જાતના છોડનું વાવેતર કરવું.
- બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી ફલીકરણમાં વધારો થાય છે.
- કેરી ઉતાર્યા પહેલા (૨૫-૩૦ દીવસ) પાણી બંધ કરી દેવું.
- બગીચામાં મધમાખીનો ઉછેર કરવાથી ફળણ ક્રીયામાં વધારો થાય છે.
- વાવાઝોડાથી મોર તથા નાનાં ફળ ખરી પડતાં અટકાવવા તથા ગરમ લુ થી રક્ષણ મેળવવા પવન અવરોધક વાડ કરવી જરૂરી છે. નવી રોપેલ કલમોને પણ આરક્ષણ આપવું જરૂરી છે.

**ચીકુ :**

- ચીકુમાં ફુલ બેસવાની પ્રક્રિયા લગભગ સતત ચાલુ રહેતી હોય છે તથા ૪૦° સે. થી વધુ ગરમ લુ થી ફુલ ખરી પડતા હોવાથી અવરોધક વાડ અને નવી કલમોને વાડોલિયાથી આરક્ષણ આપવું.
- ચોમાસાની શરૂઆતમાં પુખ્તવયનાં ઝાડ દીઠ ૪૦ થી ૫૦ કિલો છાણિયુ ખાતર, એક કિલો યુરીયા, દોઢ કિલો સીંગલ સુપર ફોસ્ફેટ, ૪૦૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ ખાતર આપવું. ચોમાસા બાદ બીજા હપ્તામાં તેટલોજ જથ્થો ફરીથી આપવો.
- ફળના જવતર માટે વૃધ્ધિનિયંત્રકો જેવા કે એન.એ.એ. ૫૦ પી.પી.એમ્નું પ્રવાહી ફુલ આવવાના સમયે ૧૫ દિવસનાં અંતરે ત્રણ વખત છાંટવાથી ૩૦ ટકા જેવું ફળનું જવતર વધુ જોવા મળે છે.
- હવે ઘણી જગ્યાએ ચીકુમાં ફુલ કળીની ઈયળોનો ઉપદ્રવ શરૂ થયો છે. જે માટે કલોરપાયરીફોસ ૦.૦૫ ટકાનો છંટકાવ કરવો (૧ લીટર પાણીમાં ૨ મી.લી. પ્રમાણે) અથવા મોનોક્રોટોફોસ ૧૦ મી.લી. અથવા ડી.ડી.વી.પી. ૫ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**કેળ :**

- કેળનું વાવેતર તલવાર પીલા અથવા ટીસ્યુકલ્ચરથી તૈયાર કરેલ રોપા દ્વારા જુન-જુલાઈ અથવા સપ્ટેમ્બર માસમાં કરવું. વાવેતર ગાંઠોથી કરવું હોય તો રોગ મુક્તપાકની ગાંઠો પસંદ કરવી.
- દરીયા કિનારાના સતત પવનથીપાકને સુરક્ષીત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈઋત્ય દિશામા કરવું. જેથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સુર્યપ્રકાશ પણ એક સરખો મળશે.

- પીલાની રોપણી વખતે ૧૦૦ લીટર પાણીમા ૧૦ ગ્રામ ઓરીયોફંગીન ઓગાળી આ પ્રવાહીમા પીલાઓને દોઢ કલાક બોળી છાંયડા-તડકામા સુકવી રોપણી કરવી અથવા ૧૦૦ ગ્રામ કાર્બેન્ડેઝીમ દવા ઓગાળી દોઢ કલાક બોળ્યા બાદ રોપણી કરવી.
- દરીયા કિનારાના સતત પવનથી પાકને સુરક્ષીત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈઋત્ય દિશામાં કરવું.
- આ પધ્ધતિથી વાવેતર કરવાથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સુર્ય પ્રકાશ પણ એક સરખો મળશે.
- કેળનું સારૂ ઉત્પાદન લેવા એક હેકટર વિસ્તાર માટે ૧૦૦ થી ૧૨૫ ગાડા સારૂ કોહવાયેલ છાણિયું ખાતર લેવું તેમાંથી અડધું જમીન તૈયાર કરતી વખતે ખેડ સાથે ભેળવી દેવું, અને બાકીનું રોપણી વખતે ખાડાની માટી સાથે મેળવી પીલો રોપવો.
- છાણિયું ખાતર ન મળે તો લીલો પડવાશ કરવો રોપણી વખતે છોડ દીઠ ૩૦૦ ગ્રામ દિવેલીનો ખોળ આપવો.
- રાસાયણિક ખાતર વાવેતર બાદ ત્રીજા, ચોથા અને પાંચમાં માસે છોડ દિઠ ૧૪૦ ગ્રામ યુરીયા, ૧૦૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવા. જયારે ૫૬૦ ગ્રામ સીંગલ ફોસ્ફેટ પ્રથમ હપ્તે જ આપી દેવું.

**નાળિયેર :**

- વ્યાપારીક ધોરણે વાવેતર માટે પશ્ચિમ કિનારાની ઉંચી જાત (વેસ્ટકોસ્ટ ટોલ)નું વાવેતર કરવા ભલામણ છે. લીલા નાળિયેર(ત્રોફા)નું સારૂ બજાર મળે તેમ હોય તો લોટણ નાળિયેરીનું વાવેતર થઈ શકે.
- હવે હાઈબ્રીડ જાતો ટી×ડી અથવા ડી×ટીનું વાવેતર પણ થાય છે. હાઈબ્રીડ જાતો દેશી કરતા વહેલું અને દોઢું ઉત્પાદન આપે છે. પશ્રિમ કિનારાની ઉંચી જાતનું ૧૨ વર્ષનું ઝાડ જે વાર્ષિક ઉત્પાદન આપે તે હાઈબ્રીડ જાતનું ઝાડ ૬ થી ૭ વર્ષની ઉંમરે આપે છે.
- નાળિયેરીના વાવતેર માટે ખેતરમાં ૭.૫×૭×૫ મીટરના અંતરે એક મીટર લાંબા, એક મીટર પહોળા અને એક મીટર ઉંડા ખાડા કરવા. ખાડાની ઉંડાઈ ચોકક્સ એક મીટરની હોવી જરૂરી છે. વાવેતર માટે ખાત્રીના સ્થળેથી મેળવેલ ૮ થી ૧૨ માસની ઉંમરના અને ૬ થી ૮ પાંદડા ધરાવતાં રોપ પસંદ કરવા.



- નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડ દીઠ ૧ કિલો એમાનિયમ સલ્ફેટ, ૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જુન-જુલાઈમાં અને તેટલોજ બીજો હપ્તો સપ્ટેમ્બર-ઓકટોબરમાં આપવો.
- કાળા માથાની ઈયળના ઉપદ્રવ સામે સમયસર પાક સંરક્ષણના પગલા લેવા ખાસ જરૂરી છે. આના નિયંત્રણ માટે ૯ થી ૧૮ મી.લી. મોનોક્રોટોફોસ દવા મુળ દ્વારા શોષાય તે પ્રમાણે આપવી. ગેંડા કિટકનો ઉપદ્રવ જણાય તો આંકડાવાળા સળીયાથી ખેંચી કાઢી નાશ કરવો.
- ઈચ્છીત ઉત્પાદન મેળવવા માટે ટપક સિંચાઈ પધ્ધતિ અપવાનો.

**કાગદીલીંબુ :**

- કાગદી લીંબુનું વાવેતર રોપાઓથી કરવું હિતાવહ છે. બહુભૃણતાના ગુણને લીધે વાનસ્પાતિક પ્રસર્જન જેવા જ ફાયદા મળે છે. ઝાડ મોટા થાય છે. ગુટી અથવા દાબ કલમ વાળા ઝાડ ફળ વહેલા આપે છે. પરંતુ ઝાડ નાના અને ઓછા આયુષ્યવાળા હોવાથી સરવાળે ગેરલાભ થાય છે. ભારતમાં ઉતર તથા દક્ષિણના રાજયોમાં લીંબુમાં વિષાણુંજન્ય રોગ ટ્રીસ્ટીઝા છે. સદનસીબે આપણે ત્યાં આ રોગ નથી. આથી બહારના રોપાઓ કોઈપણ સંજોગોમાં લાવવા કે ખરીદવા નહી.
- વાવેતરના પાંચમાં વર્ષ બાદ ઝાડદીઠ ૫૦ કિલો છાણિયું ખાતર, સાડાચાર કિલો એમાનિયમ સલ્ફેટ, સાડાચાર કિલો સુપર ફોસ્ફેટ અને ૧ કિલો મ્યુરેટ ઓફ પોટાશ ખાતર બે હપ્તે આપવું. પ્રથમ હપ્તો(અડધું) ચોમાસા દરમ્યાન અને બીજો હપ્તો ડીસેમ્બર-જાન્યુઆરીમાં આપવો.
- લીંબુના પાકમાં ગૌણ તત્વો જેવા કે જસત અને લોહની ખાસ ઉણપ વર્તાય ત્યારે ૧૦૦ લી. પાણીમાં ૫૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ, ૧ કિલો ફેરસ સલ્ફેટ અને ૧ કિલો ચુનાનું મિશ્રણ બનાવી વર્ષમાં ૨-૩ વખત છાંટવું અથવા જમીનમાં ખાતર સાથે ૨૦૦ થી ૨૫૦ ગ્રામ છોડ દીઠ ફેરસ સલ્ફેટ અને ઝીંક સલ્ફેટ આપવું.
- લીંબુના પાકમાં જીવાત અને રોગના નિયંત્રણ અંગે યુનિવર્સિટીની ભલામણ પ્રમાણે પાન કોરીયાના નિયંત્રણ માટે ફેન્થીઓન, ડાયમીથીઓટ અથવા કવીનાલફોસનો છંટકાવ કરવો. તેમજ ગુંદરીયા રોગના નિયંત્રણ માટે રોગ લાગેલ ભાગ ચપ્પુથી છોલી બોર્ડોપેસ્ટ અથવા ઓરીયોફંગીન દવા (૧૦ લીટર પાણીમાં ૧ ગ્રામ પ્રમાણે) ચોપડવાથી ફાયદો થાય છે.

◆ લીંબુના પાકમાં ઉનાળામાં વધારે ફળો મેળવવા માટે હસ્ત બહારની માવજત જરૂરી છે.

◆ સપ્ટેમ્બર મહીનામાં ચુસીયાની વસ્તી હોય છે ત્યારેજ તેનું નિયંત્રણ કરવું.

◆ વરસાદ બાદ બગીચામાં દાંતી રાપ કરવા તેમજ ખામણામાં ગોડ કરી મુળ વિસ્તારમાંથી પાણી ઉડાડવું.

◆ રોગીષ્ટ, સુકી તેમજ જમીનને અડતી હોય તેવી ડાળીઓ દુર કરવી.

◆ લીંબુના પાકમાં ગૌણ તત્વો જેવા કે જસત અને લોહની ખાસ ઉણપ વર્તાય ત્યારે ૧૦૦ લીટર પાણીમાં ૫૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ, ૧ કિલો ફેરસ સલ્ફેટ અને ૧ કિલો ચુનાનું મિશ્રાણ બનાવી વર્ષમાં ૨-૩ વખત છાંટવું અથવા જમીનમાં ખાતર સાથે ૧૦૦ થી ૨૦૦ ગ્રામ છોડ દીઠ ફેરસ સલ્ફેટ અને ઝીંક સલ્ફેટ આપવું.

**પપૈયા :**

◆ સારી જાતો જેવી કે ગુજરાત જૂનાગઢ પપૈયા-૧, મધુબિન્દુ, કોઈમ્બુતર-૧, અથવા કોઈમ્બતુર-૨ નું બિયારણ ખાત્રીલાયક સ્થળેથી મેળવી વાવેતર કરવું.

◆ ૧.૫×૧.૫ મીટરના અંતરે ૩૦ સે.મી. લાંબા, પહોળા અને ઉંડા ખાડા કરી ખાડા દીઠ ત્રણ રોપ પ્રમાણે ધરૂની ફેર રોપણી કરવી.

◆ તંદુરસ્ત માદા છોડ ઉપરાંત ૧૦ ટકા નર છોડ રાખી બાકીના નર છોડ કાઢી નાખો.

◆ રોપણી બાદ દર દોઢ માસને અંતરે ૫૦ ગ્રામ નાઈટ્રોજન ચાર હપ્તામાં આપવું. આ ઉપરાંત ઝાડ દીઠ ૧૦૦ ગ્રામ ફોસ્ફરસ ફેર રોપણી વખતે અને ફેર રોપણી બાદ ત્રીજા માસે આપવા. પોટાશની ઉણપ હોય તો ૧૨૫ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ બે હપ્તે આપવું.

**જામફળ :**

◆ અલ્હાબાદી સફેદ અને લખનૈ-૪૯ જેવી સુધારેલ જાતોનું દાબકલમ અને ગુટી કલમ થી તૈયાર થયેલ કલમોથી વાવેતર કરવું પસંદ કરો.

◆ પાકની આરામના સમયમા ડાળીઓને કોરી ખાનાર ઈયળ ઈન્ડરબેલા ના ઉપદ્રવની ચકાસણી કરો. ઉપદ્રવ હોય તો હગારજાળી સાફ કરી કાણાંમા પેટ્રોલ, કેરોસીન અથવા સીસ્ટેમીક દવાનું પુંભડુ મુકી કાણાને ભીની માટીથી બંધ કરો.

◆ મૃગબહાર લેવા માટે મે માસની આખરમાં ગોડ કરી જુન માસની શરૂઆતમાં ખાતર પાણી આપો.



◆ પુખ્તવયના ઝાડ દીઠ ૧ કિલો યુરીયા, ૧.૫૦૦ કિલો સુપરફોસ્ફેટ અડધો કિલો મ્યુરેટ ઓફ પોટાશ અને ૪૦ કિલો છાણિયુ ખાતર જુન માસમાં આપવું. યુરીયાનો અડધો જથ્થો સપ્ટેમ્બરમાં આપવો.

◆ ફળમાખીના નિયંત્રણ માટે મીથાઈલ યુજીનોલ ટ્રેપનો ઉપયોગ કરવો.

◆ જામફળમાં મૃગબહાર લેવામાં આવે તો તેના ફળો શિયાળા દરમ્યાન મળે છે. જેની ગુણવતા ખુબજ સારી હોય છે, ફળમાખીનો ઉપદ્રવ ઓછો હોય છે. તેમજ વીટા - સીનું પ્રમાણ ઘણું હોય છે. આના માટે ફાલ ઉતાર્યા બાદ ઉનાળાની ઋતુમાં ફેબ્રુઆરી - મે માસ સુધી પાણી બંધ કરવામાં આવે છે. ત્યારબાદ ખેડ કરી ગોડ કરવો અને ખાતર પાણી આપવું તેમજ રોગ - જીવાતવાળી સુકી ડાળીઓ કાપી નાખવી.

**દાડમ :**

◆ ભલામણ કરેલ ભગવા જાતની ટીસ્યુ કલ્ચરના છોડની રોપણી કરવી.

◆ શક્ય હોય ત્યાં સુધી હસ્તબહાર લો, વરસાદ વધુ હોય તો આંબે બહાર લો.

◆ પુખ્તવયના ઝાડ માટે પ્રતિવર્ષ ઝાડ દીઠ ૬૦ કિલો છાણિયું ખાતર ૧ કિલો યુરીયા, ૧.૫ કિલો સુપર ફોસ્ફેટ, ૧ કિલો મ્યુરેટ ઓફ પોટાશ બે હપ્તે જુન અને ઓકટોબર માસમા આપવા અને પાણીની શરૂઆત કરવી.

◆ છાલ અને ડાળીઓમા કાણાં પાડતી ઈયળ ઈન્ડરબેલાના નિયંત્રણ માટે હગારઝાળી સાફ કરી પેટ્રોલ, કેરોસીન અથવા સીસ્ટેમીક જંતુનાશક દવા બોળેલું પુંભડુ કાણામાં ઉંડે સુધી નાંખી કાણું બંધ કરવું.

◆ દાડમની પતંગીયાની ઈયળનાં નિયંત્રણ માટે ફુલમાંથી ફળ બેસવાની શરૂઆત થતા ફેન્થીઓન (લેબોસીડ)નો ૦.૧ ટકાનો છંટકાવ ૧૦ થી ૧૫ દિવસના અંતરે કરો.

◆ થડમાંથી નીકળતા પાણી-પીલા અવાર-નવાર દુર કરવા.

◆ અપરિપક્વ દાડમનાં ફળ ફાટી જતાં અટકાવવા નિયમિત પિયત આપવું. તથા થડેથી પીલા દુર કરવા.

**બોર :**

◆ દેશી બોરડી હોય તો ફેબ્રુઆરી-માર્ચ માસ દરમ્યાન કાપી સારા બે પીલાઓ પર સુધારેલ જાતની આંખ મે-જુન માસમા ચડાવો.